# પાલનપુરના કોલેજ કમ્પાઉન્ડમાં તસ્કરો ત્રાટકયા : રૂ.૫ લાખની ચોરી

## મકાન માલિક ધાબા ઉપર સુતા રહ્યા તસ્કરો હાથફેરો કરી ગયા

પાલનપુર, તા.૧૮

પાલનપુર શહેરમાં ઠંડીના ચમકારા વચ્ચે તસ્કરોએ પણ ચમકારો બતાવ્યો હતો. શહેરના કોલેજ કંમ્પાઉન્ડ ખાતે ત્રાટકેલા તસ્કરો રૂ.૫ લાખ ઉપરાંતના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર નગરપાલિકા પાછળ આવેલા કોલેજ કંમ્પાઉન્ડ વિસ્તારમાં રહેતા અને વાસણની દુકાન ધરાવતા પ્રકાશભાઈ શાહ રાત્રે પોતાનું મકાન બંધ કરી આગાશીમાં સુતા હતા. દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જ્યાં રૂમમાં પડેલી તિજોરી તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી અંદાજીત કુલ રૂપિયા પાંચ લાખ ઉપરાંતનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

વહેલી સવારે ચોરી થયાની જાણ થતાં પ્રકાશભાઈએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે જાણ કરતાં ડીવાયએસપી એ. આર. જનકાંત સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. જેમણે ડોગ સ્કવોર્ડની મદદથી તસ્કરોનું પગેરૂ શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચોરીના પગલે આજુબાજુની સોસાયટીમાં રહેતા રહીશોમાં પણ ફફડાટ પ્રસરી ગયો છે. રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



### તુલસી પાર્કમાં પણ 3 મકાનોના તાળાં તૂટ્યા

પાલનપુરમાં ઠંડીના ચમકારા વચ્ચે તસ્કરોએ પણ કસબ અજમાવતા એક જ રાતમાં કોલેજ કંમ્પાઉન્ડ ઉપરાંત ગોબરીરોડ વિસ્તારમાં આવેલી તુલસીપાર્ક સોસાયટીમાં પણ ત્રણ મકાનોના તાળા તોડ્યા હતા. જોકે, કોલેજ કમ્પાઉન્ડમાં રૂ.૫ લાખની ચોરી કરવામાં સફળ રહેલા તસ્કરોનો તુલસીપાર્કના ૩ મકાનોમાં ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

# મોડાસામાં રાજ્યની સૌ પ્રથમ અંધ મહિલા ક્રિકેટ ટૂર્નામેન્ટનો પ્રારંભ



મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા અરવલ્લી ગિરિમાળા ક્રિકેટ એસોસિએશનના મેદાનમાં શનિવારે રાજ્યની સૌ પ્રથમ અંધ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ થયો હતો. જેમાં રાજ્યની વિવિધ આઠ અંધ મહિલા ટીમોએ ભાગ લીધો હતો. રવિવારે ટૂર્નાનેન્ટની ફાઈનલ મેચ યોજાશે.

રાજ્ય રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને જિલ્લા રમત-ગમત વિભાગના સયુંકત ઉપક્રમે અને નેશનલ અશોસિએશન ફોર થઈ બ્લાઈન્ડ (સાબરકાંઠા)ના માર્ગદર્શન હેઠળ અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના અરવલ્લી ગિરિમાળા ક્રિકેટના મેદાનમાં રાજ્યની સૌપ્રથમ અંધ મહિલા ક્રિકેટ ટૂર્નામેન્ટનો દબદબાભેર પ્રારંભ થયો હતો. જેમાં રાજ્યની ૮ મહિલા અંધ ક્રિકેટ ટીમ વચ્ચે મેચ યોજાયા બાદ રવિવારે પ્રથમ અને બીજા નંબરની અંધ મહિલા ક્રિકેટ ટીમની ફાઈનલ મેચ અંધજન મંડળ અમદાવાદના પ્રમુખ પિયુષભાઈ દેસાઈ મુખ્ય મહેમાન પદે અને લાયન્સ કલબના ડીસ્ટ્રીક ગવર્નર લાયન જીતેન્દ્રભાઈ જૈન અધ્યક્ષસ્થાને અને મોડાસા લાયન્સ કલબની વિવિધ શાખાઓના મેમ્બર્સ ઉપસ્થિત રહી અંધ મહિલા ક્રિકેટ ટીમે પ્રોત્સાહન આપશે અને ઈનામ વિતરણ સેરેમની યોજાશે. આ ટૂર્નામેન્ટ નિહાળવા શહેરના ક્રિકેટ પ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંધ મહિલા ક્રિકેટરોની રમત જોઈ લોકો અચંબિત બન્યા હતા.

# મોડાસાના લીંભોઈ શનિદેવ મંદિરે ભવ્ય ઉજવણી કરાઈ

## ૧૬ વર્ષ પછી કારતક વદ અમાવસ્યા : શનિવારે આવતા ભાવિકોનો ધસારો

મોડાસા, તા.૧૮

અરવલ્લી જિલ્લામાં આજે અર્ચના કરાઈ હતી. છેલ્લા ૧૬ વર્ષ પછી કારતક વદ અમાવસ્યા અને જે નિમિત્તે શ્રી વાડીનાથ હનુમાનજી પંચદેવ એવમ્ શ્રી




શનિવારે મોડાસાના લીંભોઈ ગામે શનિદેવ મંદિરે ભવ્ય ઉજવણી કરાઈ હતી.૧૬ વર્ષ પછી કારતક વદ અમાવસ્યા શનિવારે આવતા અહીં ભાવિકોનો ભારે ધસારો રહયો હતો.

લીંભોઈ મંદિરના પુજારી શાસ્ત્રી મહારાજ ચિરાગભાઈ જોશીના સાન્નિધ્યે આજરોજ ૧૮-૧૧-૨૦૧૭ શનિવારને કારતક વદ અમાવસ્યા એટલે શ્રી શનૈશ્ર્ચર અમાવસ્યાના દિને વિશેષ પૂજા શનિવાર તથા વિશાખા નક્ષત્ર આવેલ હોઈ આજના દિનનો મોટો મહિમા હોવાથી શનિદેવના મંદિરોમાં ભક્તોની ભીડ જામી હતી. એટલું જ નહીં પણ આગામી આ નવા વર્ષના કારતક માસના પ્રારંભની ચમત્કારીક પહેલી મંગળકારી કાર્તકિ શ્રી શનૈશ્ર્ચરી અમાવસ્યા. આ ત્રણેયનુ શુભ મિલન છેલ્લા ૧૬ વર્ષ પછી આવી રહ્યું છે. જે સર્વત્ર સુખ આપનારૂ મનાય છે.

શનિદેવ મંદિરક (મીની શનિશિંગણાપુર) લિંભોઈમાં એક વિશેષ અભિષેક-પૂજા-અર્ચનાના આ કાર્યક્રમમાં શ્રી શનિદેવ મહારાજને અનેક પ્રકારના ફળનો રસ, (શેરડીનો રશ, શ્રી ફળ પાણી, નારંગી રસ, દ્રાક્ષનો રસ, ગુલાબ જળ, પંચાનૃત, તેલ વિગેરે), તલીનુ તેલ, સરસવ તેલ, અડદની, કાળા તલ જેવા દ્રવ્યોનો અભિષેક કરવામાં આવ્યો હતો.

# ભિલોડાના ભાજપના ઉમેદવાર પી.સી. બરંડાનું ઉમળકાભેર સ્વાગત

ભિલોડા,તા.૧૮

ગુજરાત રાજયમાં વિધાનસભાની ચુંટણી પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની પ્રથમ બેઠકમાં ભિલોડા-મેઘરજ વિધાનસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર તરીકે છોટા ઉદેપુરના એસ. પી. પી. સી. બરંડાને ઉમેદવાર તરીકે જાહેર કરાતાં હોદ્દેદારો, કાર્યકરો, ભાજપ સમર્થકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

ભિલોડા-મેઘરજ વિધાનસભા સીટ ભાજપના ધારાસભ્ય પદના ઉમેદવાર પી.સી. બરંડાનું ફટાકડાની આતશબાજી કરી ગોળ ધાણા ખવડાવી ઉમળકાભેર વાજતે-ગાજતે સ્વાગત કરાયું હતું. ભિલોડા-મેઘરજ તાલુકાના ભાજપના હોદ્દેદારો, કાર્યકરો અને પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે ગુણવંતભાઈ ત્રિવેદી, કિર્તીભાઈ બારોટ, હિતેન્દ્રસિંહ સિસોદીયા, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, બી. ટી. નાયી, ગજાનંદભાઈ પ્રજાપતી, અમરતલાલ બરંડા, રાજેશભાઈ નિનામા,



મનોજભાઈ પટેલ, શાંમળદાસ પટેલ, કાંતીલાલ પટેલ, ભવાનભાઈ ઠાકોર, રવીભાઈ ઠાકોર, મયંકભાઈ ચૌધરી, સંકેતભાઈ ચૌધરી, ગુંજનભાઈ ચૌધરી સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, પ્રજાજનોએ મોટી સંખ્યમાં ભાજપના ઉમેદવાર પી. સી. બરંડાનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

ભિલોડા-મેઘરજ વિધાનસભા સીટ ભાજપના ઉમેદવાર પી. સી. બરંડાએ જણાવ્યું હતું કે ભાજપએ મારા ઉપર વિશ્વાસ મુંકવા બદલ હું આભારી છું અને ભાજપ સંગઠનના હોદ્દેદારો, કાર્યકરો, પદાધિકારીઓને સાથે રાખી ૧૫૦+ ના લક્ષાંકને સાકાર કરી ગુજરાતમાં સરકાર બનાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ભિલોડા-મેઘરજ તાલુકાના છેવાડાના અંતરીયાળ વિસ્તારો સુધી વિકાસ કરીશ તેવો સુર વ્યક્ત કર્યો હતો.

# ઉનાવા માર્કેટયાર્ડમાં કાલા કપાસ(રૂ)ની આવકોનો પ્રારંભ

ઊંઝા, તા. ૧૮

ઊંઝા નજીકના ઉનાવા માર્કેટયાર્ડમાં નિયંત્રિત જણસીઓ પૈકીની કાલાં કપાસ(રૂ)ની નવી આવકો શરૂ થઈ છે. સિઝનના પ્રારંભે હાલ દરરોજ બારથી તેર ગાડી માલની આવક થાય છે. જે દિવસે દિવસે વધતી જશે.

ઉનાવા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના અધ્યક્ષ પ્રકાશભાઈ એસ. પટેલ, ઉપાધ્યક્ષ ચિરાગભાઈ પટેલ અને સેક્રેટરી રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ખરીફ મોસમના કપાસનો પાક તૈયાર થતાં ખેડૂતો પોતાની ખેત પેદાશનો માલ ઉનાવા માર્કેટયાર્ડમાં વેચાણ માટે લાવી રહ્યા છે. શરૂઆતમાં નવા કાલાં કપાસ(રૂ)ની આવકો ઓછી છે પરંતુ આગામી દિવસોમાં આવક વધશે. માર્કેટયાર્ડમાં આધુનિક ઓટોમેટીક જીનની સગવડ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેથી ખેડૂતોને એકંદરે ઉંચા ભાવ મળી રહ્યા છે. હાલ ૮૭૫થી ૯૬૦ રૂપિયા સુધીના ભાવ પડે છે. આ વર્ષે અતિવૃષ્ટિ થવાથી કપાસનું વાવેતર ઓછુ થતા ઉત્પાદનમાં કાપ મુકાશે. આથી ખેડૂતવર્ગને યોગ્ય પોણક્ષમ ભાવ મળી રહ્યા છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, ઉનાવા માર્કેટયાર્ડમાં આધુનિક નવા રોડ બનાવીને ભાડે પાઘડી પટ્ટેથી વેપારીઓને આપેલ છે. મેઈન ગેટ પર સિક્યુરીટીની વ્યવસ્થા ઉભી કરાયેલ છે.




# પાલનપુર સાંઈબાબા મંદિર પાસે એસ.ટી. બસ ડીવાડર પર ચડી - એક ઘાયલ

પાલનપુરના આબુ હાઈવે પર અમીરગઢ-પાલનપુર રૂટની એસ.ટી.બસનું સ્ટેરિંગ લોક થઈ જતા એસ.ટી.બસ ડીવાડર પર ચડી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ૭૦ વર્ષીય મેહુમુદખાન અજિદખાન સિંધી નામનો પ્રૌઢ ઘાયલ થયો હતો. જેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# મોડાસાની ભેરૂંડા ચોકડી નજીક વીજપોલ પરથી અગમ્ય કારણોસર કર્મચારી પટકાતા ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૧૮

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના બાયપાસ રોડ પર આવેલી ભેરૂંડા ચોકડી નજીકના ખેતરમાં નવી નખાતી વીજ લાઈન પર કામકાજ અર્થે ચડેલો યુવક વીજ કરંટ લાગવાથી કે પછી અગમ્ય કારણોસર નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કામ કરતા અન્ય કર્મચારીઓ અને લોકો દોડી આવી બેશુદ્ધ બનેલ યુવાનના છાતીના ભાગે પમ્પીંગ કરી ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. વીજ પોલ પર ચડેલો યુવાન ડ્રાઈવર હોવાનું અને તેના લગતી કામગીરી ના હોવા છતાં તેને વીજપોલ પર ચઢાવવામાં આવતા સમગ્ર દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાસ્થળે ઉપસ્થિત લઘુમતી સમાજના અગ્રાણીએ વિડીયો રેર્કોડિંગ કરતા સમગ્ર ગંભીર ઘટના ઉજાગર કરી હતી.

### તન દુરસ્તી ● ૪ પાનાનું ચાલુ...

જુના જમાનામાં વૈદ્યો તરીકે ઓળખાતા ડૉક્ટરો ખાલી નાડી પકડીને ધબકારા ઉપરથી નિદાન નક્કી કરતા હોય એ પરિસ્થિતિમાં ડૉક્ટર દર્દીને તપાસે એને શું તકલીફ છે, તે પૂછે, લેબોરેટરી કરાવે, એક્સરે-સોનોગ્રાફી કરાવે છતાં પણ દર્દીનું નિદાન પૂરું ન થાય, ત્યારે દર્દીને મેડીકલ સાયન્સ પર પ્રશ્નાર્થ થાય છે. ત્યારે એ જાણી લેવાની જરૂર છે કે નાડીથી જે નિદાન થયું છે એના કરતાં ભણેલા ડૉક્ટરો જે નિદાન કરે છે તે સો ટકા અનુભવ અને લેબોરેટરી અને એક્સરે સોનાગ્રાફીના રીપોર્ટ ઉપરથી કરે. એમાં પણ જો નિદાન ન થાય તો વધારે આગળ સુપર સ્પેશિયાલિસ્ટમાં જવું પડે. એટલે કે એમ.ડી. અને એમ.એસ. ઉપરાંત પણ સુપર સ્પેશિયાલિસ્ટવાળા પોતાની આગવી રીતથી દર્દીને મદદ કરવા પ્રયત્ન કરતા હોય છે. અને એ જે નિદાન થાય એ સાચું જ થાય. દર્દી અત્યારે હરીફાઈના જમાનામાં પોતાના ધંધામાં આગળ રહેવા માટે તરત જ નિદાન થઈ જાય, અને તરત જ સાજો થઈ જાય એવી આશા રાખતા હોય છે અને એ વધારે પડતી આશાને લીધે દર્દીને અસંતોષ થાય એ વ્યાજબી છે. પહેલાના જમાનામાં તાવ આવે તો અઠવાડિયું, તો વાયરલનું ઈન્ફેકશન છે એવું કહેવામાં આવતું. પછી ન થાય તો લેબોરેટરીનો આધાર લઈને મેલેરિયા, ટાઈફોઈડ વગેરેનું નિદાન કરવામાં આવતું. હજુ પણ ઘરડા માણસો એમ કહે છે કે, ટાઈફોઈડ માટે કોઈ દવા જ નહોતી, ને દર્દીને પ્રવાહી ખોરાક ઉપર રાખવામાં આવતો અને આશરે એકાદ મહિના પછી ટાઈફોઈડનો તાવ મટી જતો. અત્યારના દર્દીને ટાઈફોઈડ પહેલાં જ દિવસે નિદાન કરવો હોય છે. અને બે – તણ દિવસમાં સારા થઈ જવાની ભાવના હોય છે. તેને લીધે આ અસંતોષ હોય એવું જાણવા મળે છે. આ તો આજના સાયન્સને સાચું માનવા માટે એક કારણ છે. જેમ રોગ થવા માટે ચોક્કસ પ્રકારનો સમય હોય છે. ધારો કે, મેલેરિયાનો મચ્છર આજે મને કરડે છે તો મેલેરિયા થવામાં લગભગ ચાર અઠવાડિયા જેટલો સમય લાગો હોય છે. એવી જ રીતે ટાઈફોઈડનો જંતુ શરીરમાં જાય તો ટાઈફોઈડ થવા માટે આશરે પંદર દિવસ લાગતા હોય છે. એવી જ રીતે ડેન્ગ્યુનો મચ્છર કરડ્યા પછી શરીરમાં ડેન્ગ્યુના વાયરસને ફેલાતા અઠવાડિયાથી ૧૦ દિવસ લાગતા હોય છે. શરીરને આની અસર તો વર્તાતી જ હોય છે. પણ દર્દીને ખ્યાલ નથી આવતો મને શું થાય છે. હવે જ્યારે રોગ શરીરમાં બરાબર ફેલાઈ જાય પછી જ એની અસર દેખાય છે. તો એ કહેવું અસ્થાને છે કે, તાત્કાલિક રોગનું નિદાન થઈ જાય અને દર્દ મટી જાય એ વધારે પડતું છે. મત્તલબ કે મારે એ કહેવું છે કે, શરીરમાં જે કંઈ પણ રોગ થયો હોય તેને મારવા માટે દવાનો પણ ચોક્કસ સમય હોય છે. અને એ પહેલા એનું નિદાન થવું પણ જરૂરી હોય છે. એટલે દર્દીએ પોતાની જાત માટે સભાન થવું પડે. જેમ કહેવત છે કે, પહેલું સુખ તે જાતે નર્યા. એટલે કે દર્દીએ ધીરજ રાખવાની જરૂર છે. જે પણ ડૉક્ટર ઉપર અથવા તો જે લેબોરેટરી પર તમને ભરોસો હોય તેના પર વિશ્વાસ રાખી જે કંઈ નિદાન થાય તેને વળગી રહેવું જોઈએ. હમણાની જ વાત કરીએ કે સતીષભાઈને તાવ આવ્યો. પહેલા ત્રણ ચાર દિવસ તો મેડીકલ સ્ટોરમાંથી પેરાસિટેમોલ નામની દવા લઈ આરામ કર્યા સિવાય ત્રણ ચાર દિવસ ચલાવ્યું. પછી કંઈ મેળ ન પડ્યો એટલે નજીકના ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરે સતીષભાઈને જે કાંઈ થતું હતું એ પ્રમાણે વાયરલ કહીને દવા આપી. પણ સારું ન થયું. પછી ત્રણ ચાર દિવસે લોહી અને પેશાબનો ટેસ્ટ કરાવ્યો. ટેસ્ટ પણ નોર્મલ આવ્યો. એકસરે કરાવ્યો, તે પણ નોર્મલ આવ્યો. ડૉક્ટરે કહ્યું સતીષભાઈ કાંઈ છે જ નહીં. ત્રણ ચાર દિવસમાં સારું થઈ જશે. પણ સતીષભાઈની તબિયત વધારે બગડવા માંડી. પછી ડૉક્ટર પણ મુંઝાયા. સતીષભાઈને શ્વાસ લેવામાં તકલીફ પડવા માંડી. તાવ વધવા માંડ્યો, શરીર તૂટવા માંડ્યું. હવે, બધા મુંઝાયા શું કરવું, અને શું ન કરવું. એની કાંઈ સમજણ પડતી નહોતી. પછી ડૉક્ટરે કહ્યું કે, સ્વાઈન ફ્લુનો ટેસ્ટ કરાવવો જરૂરી છે કે એમને જે થાય છે તેમાં સ્વાઈન ફ્લુના કારણો દેખાય છે. હવે, ગાંધીનગરમાં કોઈ જગ્યા ઉપર કોઈ લેબોરેટરી સ્વાઈન ફ્લુનો ટેસ્ટ કરવા માટે ઓથોરાઈઝ્ડ નથી. એટલે અમદાવાદ જઈને સ્વાઈન ફ્લુનો ટેસ્ટ કરાવવો પડે. સતીષભાઈને અમદાવાદ સ્વાઈન ફ્લુનો ટેસ્ટ કરાવવા માટે મોકલ્યા. દસ કલાક પછી રીપોર્ટ આવ્યો કે સતીષભાઈને સ્વાઈન ફ્લુ થયેલો છે. બોલો, અમે આમાં કોની ભૂલ છે, સતીષભાઈની ભૂલ છે, ડૉક્ટરની ભુલ છે. એ તો સારું છે કે મોડા મોડા પણ નિદાન થયું. પછી સતીષભાઈની તબિયત વધારે ખરાબ થવા લાગી અને સતીષભાઈને છેલ્લે હોસ્પિટલમાં વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા. વેન્ટિલેટર પર કેમ રાખવામાં આવ્યા. કારણ કે સતીષભાઈ પોતાની જાતે શ્વાસ નહોતા લઈ શકતા એટલે બહારથી ઓક્સિજન ફેફસાંને પહોંચાડવામાં આવતો. દસેક દિવસ પછી સતીષભાઈ બરાબર થયા અને સ્વાઈન ફ્લુમાંથી મુક્ત થયા.

### મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

બદલાયેલી સંસ્કૃતિ અને વૈચારિકતા જોઈને બાપા ત્રીજે જ દિવસે મુંબઈ પરત આવેલા. કારણ કે સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિમાં માનવાવાળા બાપા ત્યાંની પરિસ્થિતિ અને રહેણીકરણી નજરે જોઈ શક્યા નહોતા. આ બાપા સાથે ત્રણ – ચાર દિવસ એક પારિવારિક પ્રવાસ કરવાનું સદભાગ્ય મને મળેલું. આ પ્રવાસમાં બાપા સૌથી મોટી ઉંમરના હોવા છતાંય દરેકને ઘરના સભ્યમાની દરેકનું કામ કરવું. બધાની તબિયતનું ધ્યાન રખવું, બામ ઘસી કે માલિસ કરી દેવું અને રસોડાનું પણ કામ કરીને બાપાએ સૌ કોઈના દિલ જીતી લીધેલા. તો વળી આ પ્રવાસમાં સ્ત્રીઓના અંદરોઅંદરના ઝગડાઓ પણ શાંતચિત્તે કુનેહથી સમજાવીને ઉકેલવામાં પણ બાપાની પારિવારિક નિષ્ઠા જોઈ શકાતી હતી. અમારા એ પ્રવાસમાં બે ત્રણ બહેનો દૂર્વાસાના કૂળની હતી. જે હંમેશાં ૭૦/૮૦ ડિગ્રીના તાપમાનમાં જ રહેતી. કોઈ સહેજ વાતનો તણખો કરે કે તરત મોટો ભડકો થાય. આવી વીજળી ઘણી વખત બાપા ઉપર પણ પડતી છતાંય સ્ત્રી સહજ સન્માનને કારણે બાપા શાંત ચિત્તે, હસતા હસતા પોતાની અંદર ઉતારી જાય. અને બીજી જ મિનિટે જાણે કશુ જ બન્યું નથી એમ વર્તે. આવા સ્ત્રી સ્વભાવના અણુ હુમલામાં શાંત ચિત્તે હસતા રહેવું એ જ્ઞાની સંત લોકો જ કરી શકે જે બાપા કરતા હતા. આ બાપામાં એક બાળક પણ જોવા મળ્યો હતો. દરરોજ સવારે બબ્બે ત્રણ ત્રણ કલાક અમારી સાથે દરિયામાં સ્નાન કરીને બાપાએ એમના બાળપણને માણ્યું હતું. દરિયાઈ લહેરોનો સ્પર્શ કદાચ માતાના સ્પર્શ જેવો અનુભવતા બાપા અમે દરિયામાં આગળ ના જઈએ એનું યે સતત ધ્યાન રાખતા. આ બાપાનો સૌથી મોટો ગુણ “ ખુબ ઓછું બોલવું ” જો એકાદ શબ્દમાં વાત સમજાઈ જાય તો આખું વાક્ય પણ ના બોલે. એમની લાગણી વ્યક્ત કરવાની રીત પણ સાવ અનોખી. ભાગ્યે જ કોઈ સમજી શકે. જો સમજી ગયા તો જીવન ધન્ય બની જાય. ખરેખર તો આજની યુવાપેઢીને આવા બાપાની જરૂર છે. જે દરેક સમયે એમનું ધ્યાન રાખે. માર્ગદર્શન આપે અને જીવનના તમામ અનુભવોના પાઠ પણ શીખવે. આ બાપાએ સત્ય, સેવા, સિદ્ધાંત અને સંસ્કાર માટે થઈને અનેક સંઘર્ષો વેઠ્યા છે. પણ સત્ય અને સંસ્કાર છોડ્યા નથી. આ બાપા રોજ રાત્રે એમનાથી જુદા રહેતા મોટા પુત્રના સંગીતના વિડીઓ યુટ્યુબ પર જોઈને બધાને શેર કરે કે નાના પુત્રના બિઝનેશની વાતો કરે ત્યારે લાગે કે બાપા આવડા મોટા મુંબઈમાં ભલે એકલા રહેતા હોય એમના સંતાનો પ્રત્યેનો પ્રેમ હજી એમની સાથે જ છે. હે બાપાના પુત્રો, સાંભળો છો ને ?

- 9426060601.india@gmail.com

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

એ આંકડાઓ આપણને ગંભીરતાથી વિચારતા કરી મુકશે.

કારણ... કે આ ગ્લોબલ પ્રોબ્લેમ છે અને સુપ્રીમ કોર્ટના શબ્દોમાં કહીએ તો ઈમરજન્સી જેવી સ્થિતિ છે. દુનિયાભરમાં આને નાથવા વિવિધ ઉપાયો અજમાવામાં આવે છે, આ ઉપાયોમાં જ આપણા દેશમાં પ્રદુષણને નાથવાના ઉપાયો સામેલ છે. ચીન આનો સૌથી વધુ શિકાર દેશ છે એટલે ચીને સ્પેશિયલ એન્ટી સ્મોગ પોલીસ અને ધૂળ પર પાણીનો મારો કરતા ટ્રકો અપનાવ્યા છે (દિલ્હીમાં પણ આ જ રીત અજમાવાયેલી). એન્ટી સ્મોગ પોલીસ પ્રદુષણ ફેલાવતા કારણો પર નજર રાખશે. પેરિસમાં વાહનો પર નિયંત્રણ લાદવામાં આવ્યું. ઓડ-ઈવનની જેમ જ વીકેન્ડમાં કાર ચલાવવા પર રોક થી લઈને ગતિ મર્યાદા, ફ્રી પબ્લીક ટ્રાન્સપોર્ટ અને ભાગીદારીમાં મુસાફરી જેવા વિકલ્પો અજમાવાયા. જર્મનીમાં પણ સાર્વજનિક વાહનવ્યવસ્થા પર ફોકસ કરાયું તેમજ સાઈકલના ચલણને પ્રોત્સાહન અપાયું. બ્રાઝીલે ઉદ્યોગિક ચીમનીઓ પર ફિલ્ટરનો સફળ પ્રયોગ કરી પ્રદુષણ ઘટાડ્યું તો ઝુરિકમા પાર્કિંગ સ્લોટ ઘટાડાયા. આવા વિવિધ ઉપાયોથી આખીયે દુનિયા પ્રદુષણના આ દાનવને કન્ટ્રોલ કરવામાં લાગી ગઈ છે એવામાં પટના, ગ્વાલિયર, રાયપુર, લખનૌ, ફિરોઝાબાદ, કાનપુર અને અમદાવાદ જેવા શહેરોમાં વધતું ઝેરી પ્રદુષણ ચિંતાજનક અને આવનારી પેઢીઓ માટે ઘાતક સાબિત થાય એ પહેલા રાજકીય લાભ-ગેરલાભ ને બાજુ પર મુકીને પર્યાવરણીય નિયમોની ઐસીતૈસી કરવાનું બંધ થવું જોઈએ અને સાથોસાથ નાગરિકોએ પણ સ્વયંભુ પર્યાવરણની રક્ષા માટે જે થઈ શકે એ કરતા શીખવું જ રહ્યું નહિતર આખો દિવસ કાળા ડીબાંગ ધુમાડા અને ઝેરી ધૂળ શ્વાસોમાં લઈને અકાળે મોત પામતા થઈ જઈશું એ નક્કી છે..!

વિસામો :

ભારતમાં દર વર્ષે ૧૧ લાખ લોકોની મોતનું કારણ વાયુ પ્રદુષણ છે એટલું જ નહિ પણ દુનિયાભરમાં મૃત્યુ પામનારા ૭ મા થી ૧ બાળકનું મોતનું કારણ પણ વાયુ પ્રદુષણ જ છે !!